# મૌન એકાદશી
# આરાધના



# ૨૨૦૦ વર્ષ પ્રાચીન – સંપ્રતિકાલીન
# પરોલી તીર્થમંડણ
# શ્રી નેમિનાથ ભગવાન

**દર અમાસના દિવસે ઈન્દ્રો તેમજ દેવેન્દ્રો દ્વારા પ્રભુના જન્મ સમયે થતાં જન્માભિષેક ની ઝાંખી કરાવતો, સંગીતમય પક્ષાલ કરવા–નિહાળવા અચુક પધારો...**

શ્રી ગિરનાર તીર્થમંડણ શ્રી નેમિનાથ પ્રભુ નું કેવળજ્ઞાન કલ્યાણક ભાદરવા વદ – અમાસે થયેલ. અમાસના દિવસે પ્રભુએ શાસન સ્થાપના કરી અને શ્રી અંબિકા દેવી ને શાસન દેવી તરીકે સ્થાપ્યા. દર મહિનાની અમાસના દિવસે શ્રી નેમિનાથ પ્રભુના કોઈપણ તીર્થની યાત્રા કરવાથી વિશિષ્ટ પુણ્ય ઉપાર્જિત થાય છે.

શ્રી પરોલી તીર્થ એ પ્રાચીન શ્રી નેમિનાથ દાદાનું પવિત્ર, રમણીય અને ચમત્કારિક તીર્થ છે. અહીં શ્રી નેમિનાથ દાદા ''સાચા નેમિનાથ'' તરીકે પૂજાય છે. વિક્રમ સંવત ૧૫૪૦ માં સુલતાન બેગડાના સમયમાં આ મૂર્તિ ધનેશ્વર ગામમાં હતી. મૂર્તિને બચાવવા આ મૂર્તિ નદીમાં સાચવવામાં આવી. અને ઘણા વર્ષો પછી છાણી ગામના શ્રાવક ના સ્વપ્નમાં સંકેત મળતા મૂર્તિ નદીમાં થી બહાર કાઢવામાં આવી. ઘણા ગામડાઓએ આ મૂર્તિ લેવા જીદ પકડી. અંતે એક ગાડામાં મૂર્તિ પધરાવી ગાડુ જયાં અટકે ત્યાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું નકકી કરવામાં આવ્યુ. ગાડુ છેવટે પરોલી ગામના મધ્યે અટકયું જયાં તીર્થની સ્થાપના કરી મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. તીર્થમાં હાલમાં નવી ધર્મશાળા અને નવી ભોજનશાળા શરૂ થઈ છે.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી પરોલી તીર્થ પેઢી**

ધર્મશાળા અને ભોજનશાળા ની ઉત્તમ સગવડ.

વડોદરા થી પરોલી ૬૦ કિ.મી.

**અનિષભાઈ**
મો. ૯૪૨૬૦ ૧૭૫૨૯
મો. ૯૦૩૩૭ ૦૩૩૮૩

**દિલીપભાઈ**
મો. ૯૯૦૯૫ ૧૦૨૧૦
મો. ૯૯૨૪૩ ૩૩૪૮૯

**દિપકભાઈ**
મો. ૯૮૨૫૨ ૦૦૧૩૩

**રાયસિંગભાઈ**
મો. ૯૭૨૬૮ ૭૮૩૦૦



# મૌન એકાદશી પર સુવ્રત શેઠની કથા

# મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

# પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત મૌન એકાદશીના દેવવંદન

## મૌન એકાદશીના દેવવંદનના રચનાર પં. રૂપવિજયજી

પૂજ્યશ્રીનો દીક્ષા પર્યાય લગભગ ૫૦ વર્ષનો હશે. તેઓશ્રીના ગુરૂ સં. ૧૮૬૨ ના ચૈત્ર સુદ પાંચમના દિવસે સ્વર્ગવાસી થયા હતા અને તેઓશ્રી સં. ૧૯૦૫ માં સ્વર્ગવાસી થયા હતા. તેઓએ સ્નાત્રપૂજા, પંચકલ્યાણક પૂજા, પંચજ્ઞાન પૂજા પીસ્તાલીસ આગમ પૂજા, વીશ સ્થાનક પૂજા વગેરે અનેક કૃતિઓ બનાવી છે. વળી પૃથ્વીચંદ્ર ચરિત્ર સંસ્કૃત ભાષામાં ગદ્યમાં બનાવ્યું છે. તેમજ તેઓશ્રીને પં. કીર્તિવિજય ગણિ, પં. અમીવિજય ગણિ, પં. ઉદ્યોતવિજય, મોહનવિજય (લટકાળા) વગેરે શિષ્યો હતો. આજે વિજય પદને શોભાવનાર ઘણા ખરા મુનિઓ પ્રાયઃ તેઓશ્રીની પરંપરાના છે.

## મૌન એકાદશી પર સુવ્રત શેઠની કથા

ચૌમાસી ચૌદશ વીત્યા પછી માગસર સુદ અગિયારસને દિવસે મૌન એકાદશીનું પર્વ આવે છે, આ દિવસે ત્રણેય ચોવીશીઓના તીર્થંકર પરમાત્માઓનાં ૧૫૦ કલ્યાણકો થયાં છે. તેથી આ દિવસ એવો શ્રેષ્ઠ છે કે આ દિવસે ઉપવાસ કરનારને ૧૫૦ ઉપવાસનું ફળ મળે છે. આવા ઉત્તમ ફલને આપનાર આ પર્વની દરેકે અવશ્ય આરાધના કરવી જોઈએ. આ તિથિની આરાધના કરનાર સુવ્રત શેઠની કથા ટૂંકાણમાં અહીં કહેવાય છે.

એકવાર બાવીશમાં તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીમાં

સમોસર્યા. તે સમયે કૃષ્ણ મહારાજા પ્રભુને વાંદીને સભામાં બેઠા. પ્રભુએ વૈરાગ્યમય દેશના આપી. દેશનાને અંતે કૃષ્ણે પૂછ્યું કે ‘‘હે ભગવન્ ! વર્ષના ૩૬૦ દિવસોમાં એવો કયો ઉત્તમ દિવસ છે કે જેમાં કરેલું થોડું પણ વ્રતાદિ તપ ઘણું ફળ આપે ?’’ જવાબમાં પ્રભુએ જણાવ્યું કે, ‘‘હે કૃષ્ણ ! માગસર સુદ એકાદશીનો દિવસ સર્વ પર્વોમાં ઉત્તમ છે કે કારણ કે તે દિવસે ત્રણેય ચોવીશીના તીર્થંકરોનાં ૧૫૦ કલ્યાણકો આવે છે. તે આ પ્રમાણે : આ ભરત ક્ષેત્રમાં વર્તમાન ચોવીશીમાં આ દિવસે (૧) અઢારમાં શ્રી અરનાર પ્રભુની દીક્ષા થઈ છે. (૨) એકવીસમાં શ્રી નમિનાથ પ્રભુ ને કેવલજ્ઞાન થયું છે. (૩) ઓગણીસમાં શ્રી મલ્લીનાથ પ્રભુનો જન્મ થયો છે. (૪–૫) તેમની દીક્ષા તથા કેવલજ્ઞાન પણ તે જ દિવસે થયાં છે. એમ ભરતક્ષેત્રમાં આ ચોવીશીમાં પાંચ કલ્યાણકો થયાં છે. એ પ્રમાણે કુલ પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરાવતક્ષેત્રોમાં પાંચ પાંચ કલ્યાણકો થયાં હોવાથી ૫૦ થયાં. આ પ્રમાણે વર્તમાન ચોવીશીનાં ૫૦ થયાં છે તે પ્રમાણે અતીત (ગયેલી) ચોવીશીમાં ૫૦ થયાં છે અને અનાગત (આવતી) ચોવીશીમાં પણ ૫૦ થશે. તેથી કુલ ૧૫૦ કલ્યાણકો આ તિથિએ થયાં છે. માટે આ તિથિએ ઉપવાસ કરવાથી પણ ૧૫૦ ઉપવાસનું ફલ મળે છે. પરંતુ આ તપની વિધિપૂર્વક જેઓ આરાધના કરે છે તેમના ફલનું તો કહેવું જ શું ? આ તપ ૧૧ વર્ષે પૂરો થાય છે. આ દિવસે મુખ્યત્વે મૌન જાળવવાનું હોવાથી મૌન એકાદશી કહેવાય છે.’’

કૃષ્ણ મહારાજે ફરીથી પ્રભુને પૂછ્યું કે, ‘‘હે ભગવંત ! પૂર્વે કોઈ ભાગ્યશાળી જીવે આ પર્વની આરાધના કરી છે ? તેમજ આરાધના કરવાથી તેને શું ફલ મળ્યું ? તે કૃપા કરી જણાવો.’’

ત્યારે ભગવંતે આ પર્વની આરાધના કરનાર સુવ્રત શેઠની કથા કહી, તેનો સાર આ પ્રમાણે :

ધાતકી ખંડમાં દક્ષિણ, ભરતાર્ધમાં વિજયપુર નામના નગરમાં નરવર્મા નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો, તેને ચંદ્રાવતી નામે રાણી હતી. તે નગરમાં સૂર નામે મોટો વ્યવહારી (વેપારી) રહેતો હતો. તે ઘણો ધનવાન તથા દેવ–ગુરૂનો પરમ ભકત હતો.

તે શેઠે એકવાર ગુરૂને પૂછ્યું કે, મારાથી રોજ ધર્મ બની શકતો નથી. માટે મને એવો એક દિવસ કહો કે જે દિવસે કરેલો ધર્મ ઘણા ફલવાળો થાય. તે વખતે ગુરૂએ મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે દિવસે ચોવિહાર ઉપવાસ, આઠ પહોરનો પૌષધ કરવો વગેરે વિધિ જણાવી. શેઠે આદરપૂર્વક તે તપ શરૂ કર્યો અને વિધિપૂર્વક તે તપની આરાધના કરી આયુષ્ય પૂર્ણ થયે શેઠ મરણ પામીને આરણ નામના અગિયારમાં દેલોકમાં દેવ થયા.

ત્યાં દેવતાઇ ભોગો ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સૌરીપુર નગરમાં સમુદ્રદત્ત શેઠની પ્રીતિમતી સ્ત્રીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયા. તે વખતે માતાને વ્રત પાલવાની ઇચ્છા થઇ. તેણીએ પૂર્ણ માસે સુંદર પુત્રને જન્મ આપ્યો. મધ્ય રાતે બાલકના નાલને છેદીને ભૂમિમાં દાટતાં નિધાન નીકળ્યું, તેનાથી પુત્રનો મોટો જન્મોત્સવ કર્યો. ગર્ભમાં હતો ત્યારે માતાને વ્રત પાલવાની ઇચ્છા થઇ તેથી તે બાળકનું સુવ્રત નામ પાડ્યું.

પાંચ ધાવ માતાથી લાલન–પાલન કરાતો તે સુવ્રત આઠ વર્ષનો થયો ત્યારે મોટા ઉત્સવપૂર્વક નિશાળે ભણવા મૂકયો. ત્યાં તે સઘળી કળાઓ શીખ્યો. અનુક્રમે યુવાવસ્થામાં આવ્યો ત્યારે

પિતાએ ૧૧ સુંદર કન્યાઓ પરણાવી. તેમની સાથે  વિષય સુખ ભોગવતો તે કાળ પસાર કરે છે.

સમુદ્રદત્ત શેઠે પુત્રની યોગ્યતા જોઈને તેને ઘરનો ભાર સોંપ્યો અને પોતે સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મ કાર્ય કરવામાં સાવધાન થયા અને અનશન કરી મરણ પામી દેવલોકમાં ગયા. ત્યારપછી સુવ્રત શેઠ અગિયાર ક્રોડ ધનના માલિક થયા. લોકોમાં પણ માનનીય થયા.

એક વખત તે નગરનાં ઉદ્યાનમાં શીલસુંદર નામે ચાર જ્ઞાની આચાર્ય પધાર્યા. વનપાલકે વધામણી આપવાથી રાજા પરિવાર સાથે ગુરૂને વાંદવા ગયો. તે વખતે સુવ્રત શેઠ પણ ગુરૂને વાંદવા આવ્યા. આચાર્યશ્રીએ સભા આગળ ધર્મોપદેશ આપ્યો. તેમાં મૌન એકાદશીનું માહાત્મ્ય જણાવ્યું. મૌન એકાદશીના તપની હકીકત સાંભળી સુવ્રત શેઠને તેનો વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઊપજ્યું. તેથી પોતે દેવ ભવના પૂર્વ ભવમાં આ તિથિની આરાધના કરી તેથી દેવ થયો અને ત્યાંથી ચ્યવી અહીં સુવ્રત શેઠ થયો એમ જાણ્યું. આ પ્રમાણે પોતાનો પૂર્વભવ જાણીને ઊભા થઈને બે હાથ જોડીને સુવ્રત શેઠે ગુરૂને કહ્યું કે, મારે અંગીકાર કરવા જેવો યોગ્ય ધર્મ જણાવો. તે વખતે ગુરૂએ પણ સભા સમક્ષ સુવ્રત શેઠનો પૂર્વભવ વર્ણવીને કહ્યું કે તમે પૂર્વભવમાં મૌન એકાદશીનું તપ કર્યુ તેથી આ ભવમાં આવી ઋદ્ધિ પામ્યા છો. અને હવે પણ તે જ તપ કરો જેથી મોક્ષનાં સુખ પણ મળશે. શેઠે પણ ભાવપૂર્વક કુટુંબ સહિત મૌન એકાદશીનું વ્રત ગ્રહણ કર્યું. મૌન અગિયારસને દિવસે શેઠ ઉપવાસમાં મૌન રહે છે એવું જાણવાથી ચોર લોકો તે દિવસે શેઠને ઘેર ચોરી કરવા આવ્યા. ચોરોને જોવા છતાં શેઠ તો મૌન જ રહ્યા અને ધર્મધ્યાનમાં નિશ્ચલ રહ્યા. ચોરો ધન લઈને ચાલવા

લાગ્યા. પરંતુ શાસન દેવીએ ચોરોને થંભાવી દીધા, તેથી તેઓ ત્યાંથી ખસી શકયા નહીં.

સવારે શેઠ કુટુંબ સાથે ધર્મશાલાએ જઇ ગુરૂને વાંદીને પોસહ પારીને જ્ઞાનની પૂજા કરી ઘેર આવ્યા. ચોરોને તેવી જ અવસ્થામાં ઊભેલા જોયા. પરંપરાએ આ વાત રાજા પાસે ગઈ. રાજાએ ચોરોને પકડવા સુભટોને મોકલ્યા. રાજાના સુભટો ન મારે એવો ચોરો ઉપર શેઠનો દયાભાવ થવાથી સુભટો પણ શેઠના તપના પ્રભાવથી થંભી ગયા. આ વાત જાણીને રાજા પોતે ત્યાં આવ્યો. શેઠે રાજાનો આદરસત્કાર કર્યો. શેઠે નમીને ચોરોને અભયદાન અપાવ્યું. શેઠની ઇચ્છા જાણી શાસન દેવે ચોરો તથા સુભટોને મુકત કર્યા. સર્વે સ્વસ્થાને ગયા. આથી જૈનશાસનનો મહિમા વધ્યો.

એકવાર મૌન એકાદશીને દિવસે નગરમાં આગ લાગી. તે આગ ફેલાતી ફેલાતી શેઠ પોસહમાં રહ્યા છે ત્યાં સુધી, આવી પહોંચી. લોકોએ શેઠને ઘરમાંથી નીકળી જવા કહ્યું. પરંતુ શેઠ તો કુટુંબ સહિત કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. શેઠના ધર્મના પ્રભાવથી તેમના ઘર, હાટ, વખારો, પૌષધશાલા વગેરે સઘળું બચી ગયું, તે સિવાય બધું નગર બળી ગયું.

પ્રભાતે શેઠની સઘળી સંપત્તિ બચી ગયેલી જોઈને સર્વ લોકો આશ્ચર્ય પામ્યા, શેઠની ધર્મશ્રદ્ધાનાં વખાણ કરવા લાગ્યા. આ વાત જાણીને રાજા પણ મંત્રી, સામંતાદિ પરિવાર સાથે શેઠને ત્યાં આવ્યો. તે પણ શેઠની સર્વ સંપત્તિ અખંડ રહેલી જોઈને આશ્ચર્ય પામ્યો. સર્વેએ જૈન ધર્મનાં વખાણ કર્યા. અને આજે જૈન ધર્મનો પ્રભાવ નજરે જોયો એમ બોલવા લાગ્યા. શેઠે પણ તપ પૂરો થયો

ત્યારે તપનું મોટું ઉજમણું કર્યું અને ધર્મના અનેક કાર્યો કર્યા.

શેઠને અનેક પુત્ર, પુત્રીનો પરિવાર હતો. તે બધાંને પરણાવ્યા પછી વૃદ્ધ ઉમંરે પહોંચેલા શેઠે વિચાર કર્યો કે હવે મારે ગુરૂ પાસે ચારિત્ર લઈ જન્મ સફળ કરવો જોઈએ. પુણ્યયોગે ચાર જ્ઞાની ગુણસુંદર નામે આચાર્ય ત્યાં પધાર્યા. શેઠે મોટા પુત્રને ઘર સોંપીને તેમની પાસે દીક્ષા લીધી. તે વખતે ઘણું દ્રવ્ય વાપર્યું. શેઠની ૧૧ સ્ત્રીઓએ પણ તેમની સાથે દીક્ષા લીધી.

એકવાર મૌન એકાદશીના દિવસે સુવ્રત સાધુ કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા છે, તે વખતે મિથ્યાત્વી દેવે તેમની પરીક્ષા કરી, તે દેવે અન્ય સાધુના શરીરમાં પ્રવેશ કરીને સુવ્રત સાધુને ઓઘો માર્યો. તે વખતે સુવ્રત સાધુ કોપ નહીં કરતાં ક્ષમાપૂર્વક વિચારણા કરે છે. વિચારણામાં શુકલ ધ્યાનમાં ચઢી ઘાતી કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. દેવોએ મોટો ઉત્સવ કર્યો.

ત્યાર પછી સુવ્રત કેવલી અનેક જીવોને ધર્મ પમાડી ઘણાં વર્ષો કેવલી પર્યાય પાળી છેવટે અનશન કરી મોક્ષે ગયા. બીજા પણ ઘણા જીવો આ તપનું આરાધન કરી અનેક ઋદ્ધિઓ પામી મોક્ષે ગયા છે.

આ પ્રમાણે શ્રી નેમિનાથ ભગવાને શ્રી કૃષ્ણ વાસુદેવને મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે સાંભળી શ્રી કૃષ્ણ વાસુદેવ પણ ધર્મ કાર્યમાં ઉદ્યમી થયા. અને તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

કથાના વાંચનાર ભવ્ય જીવો પણ આ કથા વાંચી આ તપના આરાધક બનો.

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૧-જંબૂદ્વીપે ભરતે અતીત ચોવીશી

૪ શ્રી મહાયશઃ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિઅર્હતે નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિનાથાય નમઃ ॥
૬ શ્રી સર્વાનુભૂતિસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી શ્રીધરનાથાય નમઃ ॥

## ૨-જંબૂદ્વીપે ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી નમિનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી મલ્લિનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૧૮ શ્રી અરનાથનાથાય નમઃ ॥

## ૩-જંબૂદ્વીપે ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી સ્વયંપ્રભસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી દેવશ્રુતઅર્હતે નમઃ ॥
૬ શ્રી દેવશ્રુતનાથાય નમઃ ॥
૬ શ્રી દેવશ્રુત સર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઉદયનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૪-ઘાતકીખંડે પૂર્વ ભરતે અતીત ચોવીશી

૪ શ્રી અકલંકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથનાથાય નમઃ ॥
૬ શ્રી શુભંકરનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી સપ્તનાથનાથાય નમઃ ॥

## ૫-ઘાતકી ખંડે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી બ્રહ્મેંદ્રનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ગાંગિકનાથનાથાય નમઃ ॥

## ૬-ઘાતકી ખંડે પૂર્વ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી સાંપ્રતસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી મુનિનાથનાથાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી વિશિષ્ટનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૭-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અતીત ચોવીશી

૪ શ્રી સુમૃદુનાથસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વ્યકતનાથ અર્હતે નમઃ ॥
૬ શ્રી વ્યકતનાથનાથાય નમઃ ॥
૬ શ્રી વ્યકતનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી કલાશતનાથાય નમઃ ॥

## ૮-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી અરણ્યવાસસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી યોગનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી યોગનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી યોગનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૧૮ શ્રી અયોગનાથનાથાય નમઃ ॥

## ૯-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી પરમસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્તિનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્તિનાથનાથાય નમઃ ॥
૬ શ્રી શુદ્ધાર્તિનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નિઃકેશનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૧૦-ઘાતકીખંડે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી

૪ શ્રી સર્વાર્થસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી હરિભદ્રઅર્હતે નમઃ ॥
૬ શ્રી હરિભદ્રનાથાય નમઃ ॥
૬ શ્રી હરિભદ્રસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી મગધાધિપનાથાય નમઃ ॥

## ૧૧-ઘાતકીખંડે પશ્ચિમ ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી પ્રયચ્છસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી અક્ષોભનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી મલયસિંહનાથાય નમઃ ॥

## ૧૨-ઘાતકી ખંડે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી દિનરૠ્સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ધનદનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી ધનદનાથનાથાય નમઃ ॥
૬ શ્રી ધનદનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી પૌષધનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૧૩-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી

૪ શ્રી પ્રલંબસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિઅર્હતે નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિનાથાય નમઃ ॥
૬ શ્રી ચારિત્રનિધિસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી પ્રશમરાજિતનાથાય નમઃ ॥

## ૧૪-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી સ્વામીસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી વિપરીતનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૧૮ શ્રી પ્રસાદનાથનાથાય નમઃ ॥

## ૧૫-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી

૪ શ્રી અઘટિતનાથસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથનાથાય નમઃ ॥
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઋષભચંદ્રનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૧૬-જંબુદ્વીપે ઐરવતે અતીત ચોવીશી

૪ શ્રી દયાંતસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથનાથાય નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી રત્નેશનાથનાથાય નમઃ ॥

## ૧૭-જંબુદ્વીપે ઐરવતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી શ્યામકોષ્ટસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી મરુદ્દેવનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી મરુદ્દેવનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી મરુદ્દેવનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી અતિપાર્શ્વનાથનાથાય નમઃ ॥

## ૧૮-જંબુદ્વીપે ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી નંદિષેણસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથનાથાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી નિર્વાણનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૧૯-ઘાતકીખંડે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી

૪ શ્રી સૌંદર્યનાથસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથનાથાય નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નરસિંહનાથનાથાય નમઃ ॥

## ૨૦-ઘાતકીખંડે પૂર્વ ઐરવતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી ક્ષેમંતસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૧૮ શ્રી કામનાથનાથાય નમઃ ॥

## ૨૧-ઘાતકીખંડે પૂર્વ ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી મુનિનાથસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહઅર્હતે નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહનાથાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી દિલાદિત્યનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૨૨ - પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી

૪ શ્રી અષ્ટાહિકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વણિક્નાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વણિક્નાથનાથાય નમઃ ॥
૬ શ્રી વણિક્નાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી ઉદયજ્ઞાનનાથાય નમઃ ॥

## ૨૩ - પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી તમોકંદસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષનાથાય નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ક્ષેમંતનાથનાથાય નમઃ ॥

## ૨૪ - પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી નિર્વાણિકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી રવિરાજઅર્હતે નમઃ ॥
૬ શ્રી રવિરાજનાથાય નમઃ ॥
૬ શ્રી રવિરાજસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી પ્રથમનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૨૫-ઘાતકીખંડે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી

૪ શ્રી પૂરૂરવાસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અવબોધઅર્હતે નમઃ ॥
૬ શ્રી અવબોધનાથાય નમઃ ॥
૬ શ્રી અવબોધસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વિક્રમેંદ્રનાથાય નમઃ ॥

## ૨૬-ઘાતકીખંડે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી સુશાંતિસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી હરદેવનાથાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવસર્વજ્ઞાયઃ નમઃ ॥
૧૮ શ્રી નંદિકેશનાથાય નમઃ ॥

## ૨૭-ઘાતકીખંડે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી મહામૃગેંદ્રસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અશોચિતઅર્હતે નમઃ ॥
૬ શ્રી અશોચિતનાથાય નમઃ ॥
૬ શ્રી અશોચિતસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ધર્મેન્દ્રનાથનાથાય નમઃ ॥

# શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું

## ૨૮-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી

૪ શ્રી અશ્વવૃંદસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી કુટિલકઅર્હતે નમઃ ॥
૬ શ્રી કુટિલકનાથાય નમઃ ॥
૬ શ્રી કુટિલકસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી વર્દ્ધમાનનાથાય નમઃ ॥

## ૨૯-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી

૨૧ શ્રી નંદિકેશસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્રઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્રનાથાય નમઃ ॥
૧૯ શ્રી ધર્મચંદ્રસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી વિવેકનાથનાથાય નમઃ ॥

## 30-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી

૪ શ્રી કલાપકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વિશોમનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વિશોમનાથનાથાય નમઃ ॥
૬ શ્રી વિશોમનાથસર્વજ્ઞાયઃ નમઃ ॥
૭ શ્રી અરણ્યનાથનાથાય નમઃ ॥

# પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત
# મૌન એકાદશીના દેવવંદન

## પ્રથમ દેવવંદન જોડો

સ્થાપનાચાર્ય આગળ નવકાર પંચિંદિય૰ વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૰ તસ્સ ઉત્તરી૰ અન્નત્થ૰ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઇચ્છં' કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

## પ્રથમ ચૈત્યવંદન

નગરગજપુર પુરપુરંદર–શોભયા અતિજિત્વરં,
ગજવાજિરથવરકોટિકલિતં, ઇંદિરાભૃતમંદિરં,
નરનાથબત્રીસસહસસેવિત – ચરણપંકજસુખકરં,
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં. ૧

અપ્સરાસમ–રૂપ અદ્‌ભૂત–કલાયૌવન ગુણભરી,
એક લાખ બાણું સહસ ઉપર, સોહિયે અંતેઉરી,
ચોરાશી લખ ગજ વાજી સ્યંદન, કોટિ છન્નુ ભટવરં.
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં. ૨

સગ પણિંદી સગ એગિંદી, ચઉદ રત્નસુશોભિતં
નવ નિધાનાધિપતિ નાકી, ભક્તિભાવભૃતૈર્નતં,
કોટિ છન્નુ ગ્રામનાયક, સકલશત્રુવિજિત્વરં.
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં. ૩

સહસ અષ્ટોત્તર સુલંછન લક્ષિતં કનકચ્છવિં,
ચિહ્ન નંદાવર્ત્ત શોભિત સ્વપ્રભાનિર્જિત રવિં,
ચક્રિ સપ્તમ ભુક્તભોગી અષ્ટાદશમો જિનવરં.
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં. ૪

લોકાંતિકામરબોધિતો જિન, ત્યક્તરાજ્યરમાભરં,
મૃગશિર એકાદશી શુક્લપક્ષે, ગ્રહિતસંયમ સુખકરં,
અરનાથપ્રભુ પદપદ્મસેવન, શુદ્ધરૂપ સુખાકરં.
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં. ૫

**પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ અને જયવીયરાય૰ અર્ધા કહી પછી ખમાસમણ દઈ બીજું ચૈત્યવંદન કહેવું તે આ પ્રમાણે –**

## દ્વિતીય ચૈત્યવંદન

રાય સુદર્શન કુલ નભે, નૂતન દિનમણિ રૂપ,
દેવી માતા જનમિયો, નમે સુરાસુર ભૂપ. ૧
કુમર રાજ્ય ચક્રીપણે, ભોગવી ભોગ ઉદાર,
ત્રેસઠ સહસ વરષાં પછી, લીયે પ્રભુ સંયમભાર. ૨
સહસ પુરુષ સાથે લીયે, સંયમ શ્રી જિનરાય,
તસ પદપદ્મ નમ્યા થકી, શુદ્ધ રૂપ નિજ થાય. ૩

**પછી જંકિંચિ૰ નમુત્થુણં૰ અરિહંત ચેઇયાણં૰ અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રથમ થોય કહેવી.**

શ્રી અરનાથ જિનેશ્વરુ, ચક્રી સપ્તમ સોહે,
કનક વરણ છબી જેહની, ત્રિભુવન મન મોહે,
ભોગ કરમનો ક્ષય કરી, જિન દીક્ષા લીધી,
મનઃપર્યવનાણી થયા, કરી યોગની સિદ્ધિ. ૧

**પછી લોગસ્સ૰ સવ્વલોએ અરિહંત૰ અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી બીજી થોય કહેવી.**

માગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી,
મલ્લિજનમ વ્રત કેવલી, નમિ કેવલ ઋદ્ધિ,
દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ,
તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ. ૨

**પછી પુકખરવરદી૰ સુઅસ્સ ભગવસો કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ૰ અન્નત્થ૰ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી.**

અંગ ઇગ્યાર આરાધવાં, વળી બાર ઉપાંગ,
મૂલસૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ,
દશ પયન્ના દીપતા, નંદી અનુયોગદ્વાર,
આગમ એહ આરાધતાં, લહો ભવ જલ પાર. ૩

**પછી સિદ્ધાણં બુદ્ધાણં૰ વેયાવચ્ચગરાણં૰ અન્નત્થ૰ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ચોથી થોય કહેવી.**

જિનપદ સેવા નિત્ય કરે, સમકિત શુચિકારી,
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી,
પ્રભુપદ પદ્મની સેવના, કરે જે નરનારી,
ચિદાનંદ નિજરૂપને, લહે તે નિરધારી. ૪

**પછી બેસીને નમુત્થુણં૰ કહી અરિહંત ચેઈઆણં૰ અન્નત્થ૰, કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્૰ કહી બીજા જોડાની પ્રથમ થોય કહેવી.**

શ્રી અરજિન ધ્યાવો, પુણ્યના થોક પાવો,
સવિ દુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો,
મદ મદન વિરાવો, ભાવના શુદ્ધ ભાવો,
જિનવર ગુણ ગાવો, જિમ લહો મોક્ષ ઠાવો. ૧

ત્યારપછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી બીજા જોડાની બીજી થોય કહેવી.

સવિ જિન સુખકારી, ક્ષય કરી મોહ ભારી,
કેવલ શુચિ ધારી, માન માયા નિવારી,
થયા જગ ઉપગારી, ક્રોધ યોદ્ધાપહારી,
શુચિગુણગણધારી, જે વર્યા સિદ્ધિ નારી. ૨

પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી.

નવતત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી,
સગ નયથી મિલાણી, ચાર અનુયોગ ખાણી,
જિનવરની વાણી, જે સુણે ભવ્ય પ્રાણી,
તિણે કરી અઘહાણી, જઈ વરે સિદ્ધિ રાણી. ૩

પછી સિદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાયોત્સર્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી.

સમકિતી નરનારી, તેહની ભક્તિકારી,
ધારણી સુરી સારી, વિઘ્નના થોક હારી,
પ્રભુ આણા કારી, લચ્છિ લીલા વિહારી,
સંઘ દુરિત નિવારી, હોજો આણંદકારી. ૪

પછી બેસી નમુત્થુણં૰ જાવંતિ ચેઈઆઈં૰ કહી ખમાસમણ દઈ જાવંત કે વિ સાહૂ૰ નમોઽર્હત્૰ કહી આ પ્રમાણે સ્તવન કહેવું –

## શ્રી અરજિન દીક્ષા કલ્યાણક સ્તવન

### ફતેમલના ગીતની દેશી

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાગપુર રાજીયો,
જગપતિ રાય સુદર્શનનંદ મહિમા મહિ માંહે ગાજીયો. ૧
જગપતિ કંચન વરણ શરીર, કામિત પૂરણ સુરતરુ,
જગપતિ લંછન નંદાવર્ત્ત, ત્રણ ભુવન મંગલકરુ. ૨
જગપતિ ષટ્ ખંડ ભરત અખંડ, ચક્રવર્તિની સંપદા,
જગપતિ સહસ બત્રીશ ભૂપાલ, સેવિત ચરણકમલ સદા. ૩
જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતેઉરી,
જગપતિ ભોગવી ભોગ રસાલ, જોગ દશા ચિત્તમાં ધરી. ૪
જગપતિ સહસ પુરૂષ સંઘાત, મૃગશિર શુદિ એકાદશી,
જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર, ત્રિકરણ યોગે ઉલ્લસી. ૫
જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહગહી,
જગપતિ નાચે સુરવધૂ કોડિ, અંગ મોડી આગલ રહી. ૬
જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહમણા,
સુરપતિ દેવદુષ્ય ઠવે ખંધ, પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા. ૭
જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુરનર ખેચરા,
જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જન્મ તે ભવ તર્યા. ૮
જગપતિ પ્રભુપદ પદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે,
જગપતિ કરીય કરમનો અંત, શુદ્ધરૂપ નિજ તે વરે. ૯

પછી અર્ધા જયવીયરાય૦ કહેવા. પછી ખમાસમણ દઈ ચૈત્યવંદનનો આદેશ માંગી ત્રીજું ચૈત્યવંદન કહેવું તે આ પ્રમાણે –

## તૃતીય ચૈત્યવંદન

અવધિજ્ઞાને આભોગિને, નિજ દીક્ષા કાલ,
દાન સંવચ્છરી જિન દીયે, મનોવાંછિત તતકાલ. ૧
ધન કણ કંચન કામિની, રાજ ઋદ્ધિભંડાર,
છંડી સંયમ આદરે, સહસ પુરુષ પરિવાર. ૨
મૃગશિર શુદિ એકાદશી એ, સંયમ લીયે મહારાજ,
તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘલાં કાજ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી ને જયવીયરાય૦ સંપૂર્ણ કહેવા.

## દેવવંદનનો બીજો જોડો

વિધિ–પ્રથમના જોડાની માફક જ હવે પછીના સઘળા જોડાની વિધિ જાણવી.

## પ્રથમ ચૈત્યવંદન

જય જય મલ્લિ જિણંદ ચંદ, ગુણ કંદ અમંદ,
નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃંદ. ૧
કુસુમગેહ શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય,
જનની કુખે જબ જિન હુતા, મલ્લિ નામ તિણે ઠાય ૨
કુંભ નરેશ્વર કુલતિલો એ, મલ્લિનાથ જિનરાજ,
નસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ. ૩

## દ્વિતીય ચૈત્યવંદન

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગતવત્સલ,
નિરુપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ. ૧
સુગુણ સુરાસુર કોડિ, દોડી નિત્ય સેવા સારે,
ભક્તિ જુક્તિ નિત્યમેવ, કરી જિન જન્મ સુધારે. ૨
બાલપણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે,
જિન મુખ પદ્મ નિહાલીને, બહુ આણંદ પાવે. ૩

## થોય નો પ્રથમ જોડો

સુણ સુણરે સાહેલી, ઉઠી સહુથી પહેલી,
કરી સ્નાન વહેલી, જિમ વધે પુણ્ય વેલી,
તજી મોહની પલ્લી, ખંડ કરી કામવલ્લી,
કરી ભક્તિ સુભલ્લી, પૂજિ જિનદેવ મલ્લી. ૧
સવિ જિન સુખકારી, મોહનિદ્રા નિવારી,
ભવિજન નિસ્તારી, વાણી સ્યાદ્વાદધારી,
નિર્મલ ગુણધારી, ધૌત મિથ્યાત ગારી,
નમિયે નર નારી, પાપ સંતાપ વારી. ૨
મૃગશિર અજુઆલી, સર્વ તિથિમાં રસાલી,
એકાદશી પાલી, પાપની શ્રેણિ ગાલી,
આગમમાં રસાલી, તિથિ કહી તે સંભાલી,
શિવવધૂ લટકાલી, પરણશે દેઈ તાલી. ૩
વૈરુટયા દેવી, ભક્તિ હિયડે ધરેવી,
જિન ભક્તિ કરેવી, તેહનાં દુઃખ હરેવી,
મમ મહિર કરેવી, લચ્છી લીલા વરેવી,
કવિ રૂપ કહેવી, દેજો સુખ નિત્યમેવી. ૪

## થોય નો બીજો જોડો

મિથિલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી,
કુંભનૃપ ગુણખાણી, તેજથી વજ્રપાણિ,
પ્રભાવતી રાણી, દેવનારી સમાણી,
તસ કુખ વખાણી, જન્મ્યા જિહાં મલ્લિ નાણી. ૧
દિશિકુમરી આવે, જન્મ કરણી ઠરાવે,
જિનના ગુણ ગાવે, ભાવના ચિત્ત ભાવે,
જન્મોત્સવ દાવે, ઈંદ્ર સુર શૈલ ઠાવે,
હરિ જિનગૃહ આવે, લેઈ પ્રભુ મેરુ જાવે. ૨
અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભક્તિ ભાજા,
નિજનિજ–સ્થિતિભ્રાજા, પૂજે જિનભક્તિ તાજા,
નિજ ચઢત દિવાજા, સૂત્રમર્યાદ ભાજા,
સમકિત કરી સાજા, ભોગવે સુખ માજા. ૩
સુરવધૂ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે,
જિન લઈ ઉચ્છરંગે, ગોદે થાપે ઉમંગે,
જિનપતિને સંગે, ભક્તિરંગ પ્રસંગે,
સંઘ ભક્તિ તરંગે, પામે લચ્છી અભંગે. ૪

## શ્રી મલ્લિજિન જન્મકલ્યાણક સ્તવન

॥ મારો પિયુડો પર ઘર જાય, સખી શું કહીએ રે.
કિમ એકલડાં રહેવાય, વિયોગે મરીએ રે–એ દેશી ॥

મિથિલા તે નયરી દીપતી રે, કુંભ નૃપતિ કુલહંસ,
મલ્લિ જિણંદ સોહામણો રે, સચલદેવ અવતંસ.
સખી સુણ કહિયેરે, મહારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૧

છપ્પન દિશિકુમરી મલી રે, કરતી જન્મનાં કાજ,
હેજાલી હરખે કરી રે, હુલરાવે જિનરાજ.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૨
વીણા વજાવે વાલહી રે, લળી લળી જિન ગુણ ગાય,
ચિરંજીવો એ બાલુડો રે, જિમ કંચનગિરિ રાય.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૩
કેઇ કરમાં વીંજણ ગ્રહી રે, વીંજે હરખે વાય,
ચતુરા ચામર ઢાલતી રે, સુરવધૂ મન મલકાય.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૪
નાચે સાચે પ્રેમથી રે, રાચે માચે ચિત્ત,
જાચે સમકિત શુદ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૫
ઉર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધૂ હોડાહોડી;
જગત તિલક ભાલે ધરી રે, કરતી મોડા મોડી.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૬
તવ સુરપતિ સુરગિરિ શિરેરે, નમન કરે કરજોડી;
તીર્થોદક કુંભા ભરી રે, સાઠ લાખ એક કોડી.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૭
જિન જનની પાસે ઠવી રે, વરસી રયણની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૮
સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મ ઓચ્છવ અતિ ચંગ;
મલ્લિ જિણંદ પદ પદ્મશું રે, રૂપવિજય ધરે રંગ.
સખી સુણ કહિયેરે, મ્હારો જિનજી મોહનવેલિ હિયડે વહિયેરે. ૯

## તૃતીય ચૈત્યવંદન

પુરુષોત્તમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન,
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગમાં નહિ ઉપમાન. ૧
મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે,
મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડલ લાજે. ૨
ઈંદીવરદલ નયન સચલ, જન આણંદકારી,
કુંભરાય કુલ ભાણ ભાલ, દીધિતિ મનોહારી. ૩
સુરવધૂ નરવધૂ મલી મલી, જિનગુણ ગણ ગાતી,
ભકિત કરે ગુણવંતની, મિથ્યા અઘ ઘાતી. ૪
મલ્લિ જિણંદ પદ પદ્મની એ, નિત્ય સેવા કરે જેહ,
રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ. ૫

## દેવવંદનનો તૃતીય જોડો

વિધિ હવે પછીના બધા જોડામાં પ્રથમ જોડાની
પેઠે સર્વ વિધિ કરવી.

## પ્રથમ ચૈત્યવંદન

અદ્‌ભુત રૂપ સુગંધિ શ્વાસ, નહિ રોગ વિકાર,
મેલ નહીં જસ દેહ રેહ, પ્રસ્વેદ લગાર. ૧
સાગરવર ગંભીર ધીર, સુરગિરિસમ જેહ,
ઔષધિપતિ સમ સૌમ્ય કાંતિ, વર ગુણગણ ગેહ. ૨
સહસ અષ્ટોત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ,
તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ. ૩

## દ્વિતીય ચૈત્યવંદન

મલ્લિનાથ શિવ સાથ, આઠ વર અક્ષયદાયી,
છાજે ત્રિભુવન માંહિ, અધિક પ્રભુની ઠકુરાઈ. ૧
અનુત્તર સુરથી અનંત ગુણ, તનુ શોભા છાજે,
આહાર નિહાર અદૃશ જાસ, વર અતિશય રાજે. ૨
મૃગશિર શુદી એકાદશી એ, લીયે દીક્ષા જિનરાજ,
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ. ૩

## થોયનો પ્રથમ જોડો

નમો મલ્લિ જિણંદા, જિમ લહો સુખ વૃંદા,
ટાલે દુરગતિ દંદા, ફેરી સંસાર ફંદા;
પદ યુગ અરવિંદા, સેવિયે થઈ અમંદા,
જિમ શિવસુખ કંદા, વિસ્તરે છંડી દંદા. ૧
જિનવર જયકારી, વિશ્વ ભવ્યોપકારી,
કરે જબ વ્રત ત્યારી, જ્ઞાન ત્રીજે નિહારી;
તવ સુર અધિકારી, વિનવે ભકિત ધારી,
વરો સંયમનારી, પરિગ્રહારંભ છારી. ૨
મણપજ્જવ નાણી, હુઆ ચારિત્ર ખાણી,
સુરનર ઇંદ્રાણી, વંદે બહુ ભાવ આણી,
તે જિનની વાણી, સૂત્રમાંહિ લખાણી,
આદરે જેહ પ્રાણી, તે વરે સિદ્ધિ રાણી. ૩
પારણું જસ ગેહે, નાથ કરે જઈ સ્વદેહે,
ભરે કંચન મેહે, ઓક તસ દેવ નેહે,
સંઘ દુરિત હરેહિ, દેવ દેવી વરેહિ,
કુબેર સુરેહિ, રૂપવિજય પ્રદેહિ. ૪

## થોયોનો દ્વિતીય જોડો

મલ્લિ જિન નામે, સંપદા કોડિ પામે,
દુરગતિ દુઃખ વામે, સ્વર્ગનાં સુખ જામે,
સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે,
કરી કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિધામે. ૧
પંચ ભરહ મઝાર, પંચ ઐરવત સાર,
ત્રિહું કાલ વિચાર, નેવું જિનનાં ઉદાર,
કલ્યાણક વાર, જાપ જપિયે શ્રીકાર,
જિમ કરી ભવ પાર, જઈ વરો સિદ્ધિ નાર. ૨
જિનવરની વાણી, સૂત્ર માંહે ગૂંથાણી,
ષડ્ દ્રવ્ય વખાણી, ચાર અનુયોગ ખાણી,
સગભંગી પ્રમાણી, સપ્ત નયથી ઠરાણી,
સાંભળે દિલ આણી, તે વરે સિદ્ધિ રાણી. ૩
વૈરુટ્યાદેવી, મલ્લિ જિન પાય સેવી,
પ્રભુ ગુણ સમરેવી, ભક્તિ હિયડે ધરેવી,
સંઘ દુરિત હરેવી, પાપ સંતાપ ખેવી,
રૂપવિજય કહેવી, લચ્છી લીલા વરેવી. ૪

## શ્રી મલ્લિજિન દીક્ષા કલ્યાણક સ્તવન

### સખી આવી દેવદિવાલી રે–એ દેશી

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે,
કરે વિનતિ ગુણની રાશિ, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૧

તુમે કરુણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે,
સેવકનો કરો ઉદ્ધાર, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૨
પ્રભુ દાન સંવસ્તરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે,
ભવ્યત્વપણે તસ થાપે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૩
સુરપતિ સઘલા મળી આવે રે, મણિ રચણ સોવન વરસાવે રે,
પ્રભુ ચરણે શીશ નમાવે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૪
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે,
સુરપતિ ભકતે નવરાવે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૫
વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલમાલા હૃદય પર ધારે રે,
દુઃખડા ઇંદ્રાણી ઉવારે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૬
મલ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે,
કરે ભકિત યુકિત મદ મોડી, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૭
મૃગશિર શુદીની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે,
વર્યા સંયમ વધૂ લટકાલી, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૮
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે,
લહે રૂપવિજય જસનેહ, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે.
ભવિ જીવને શિવસુખ દીજે, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે. ૯

## તૃતીય ચૈત્યવંદન

જય જય મલ્લિ જિણંદદેવ, સેવા સુરપતિ સારે,
મૃગશિર શુદી એકાદશી, સંયમ અવધારે. ૧
અભ્યંતર પરિવારમેં, સંયતિ ત્રણશેં જાસ,
ત્રણશેં ષટ્ નર સંયમે, સાથે વ્રત લીએ ખાસ. ૨
દેવદુષ્ય ખંધે ધરી એ, વિચરે જિનવર દેવ,
તસ પદ પદ્મની સેવના, રૂપ કરે નિત્યમેવ. ૩

## દેવવંદનનો ચોથો જોડો

## પ્રથમ ચૈત્યવંદન

વિદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલ ભાણ,
પુણ્યવલ્લી મલ્લિ નમો, ભવિયણ સુહ જાણ. ૧
પણવીશ ધનુષની દેહડી, નીલ વરણ મનોહાર,
કુંભ લંછન કુંભની પરે, ઉતારે ભવ પાર. ૨
મૃગશિર શુદી એકાદશીએ, પામ્યા પંચમ નાણ,
તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણ. ૩

## દ્વિતીય ચૈત્યવંદન

પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે,
ક્ષપક શ્રેણી જિનજી ચઢી, ઘાતિકર્મ ખપાવે. ૧
દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલનાણ,
સમવસરણ સુરવર રચે, ચઉવિહ સંઘમંડાણ. ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય,
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રૂપે ચિત્ત ઠાય. ૩

## પ્રથમ સ્તુતિ

નમો મલ્લિ જિણંદા, જાસ નમે દેવ વૃંદા,
તિમ ચોસઠ ઈંદા, સેવે પાદારવિંદા,

દુરગતિ દુઃખ દંદા, નામથી સુખકંદા,
પ્રભુ સુજસ સુરિંદા, ગાય ભકતે નરિંદા. ૧
નવતિ જિનરાયા, શુક્લ ધ્યાને સુહાયા,
સોહં પદ પાયા ત્યકત મદ મોહ માયા,
સુર નર ગુણ ગાયા, કેવલશ્રી સુહાયા,
તે સવિ જિનરાયા, આપજો મોક્ષ માયા. ૨
કેવલ વર નાણે, વિશ્વના ભાવ જાણે,
બાર પરષદ ઠાણે, ધર્મ જિનજી વખાણે,
ગણધર તિણે ટાણે, ત્રિપદીએ અર્થ માણે,
જે રહે સુહઝાણે, તે રમે આત્મ નાણે. ૩
વૈરુટ્યા દેવી ભકિત હિયડે ધરેવી,
જિનસેવ કરેવી, વિઘ્નનાં વૃંદ ખેવી,
સંઘ દુરિત હરેવી, લચ્છી લીલા વરેવી,
રૂપવિજય કહેવી, આપજો મોજ દેવી. ૪

## દ્વિતીય સ્તુતિ

મલ્લિ જિનરાજા, સેવિયે પુણ્ય ભાજા,
જિમ ચઢત દિવાજા, પામિયે સુખ તાજા,
કોઈ લોપે ન માજા[1], નિત્ય.નવા (વ) સુખ સાજા,
કોઈ ન કરે જા જા, પુણ્યની એહ માજા. ૧
મલ્લિ નમી નામે, કેવલજ્ઞાન પામે,
દસ ક્ષેત્ર સુઠામે, તિમ જ ભિન્ન ભિન્ન નામે,
ત્રણ્ય કાલ[2] નિમામે, ઘાતિયાં કર્મ વામે[3],
તે જિન પરિણામે, જઈ વસે સિદ્ધિ ધામે. ૨
જિનવરની વાણી, ચાર અનુયોગ ખાણી,
નવતત્ત્વ વખાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી,
ગણધરે ગૂંથાણી, સાંભળે જેહ પ્રાણી,
કરી કર્મની હાણિ, જઈ વરે સિદ્ધિ રાણી. ૩

૧) મર્યાદા ૨) નિર્મમત્વ  ૩) ખપાવે

સુર કુબેર આવે, શીશ જિનને નમાવે,
મિથ્યાત ખપાવે, શુદ્ધ સમ્યકત્વ પાવે,
પુણ્ય થોક જમાવે, સંઘભક્તિ પ્રભાવે,
પદ્મ વિજય સુહાવે, શિષ્ય તસ રૂપ ગાવે. ૪

## શ્રી મલ્લિજિન કેવલજ્ઞાન કલ્યાણક સ્તવન

**સાંભલ રે તું સજની મોરી, રજની કિહાં રમી આવીજી—એ દેશી**

મલ્લિ જિનેશ્વર અરચિત કેશર, અલવેસર અવિનાશીજી,
પરમેશ્વર પૂરણ પદ ભોકતા, ગુણરાશી શિવવાસી,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૧
મૃગશિર શુદી એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણ જી,
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટયો અભિનવ ભાણ,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૨
મત્યાદિક ચઉનાણનું[૧] ભાસન, એહમાં સકલ સમાય જી,
ગ્રહ[૨] ઉડુ તારા ચંદ્ર પ્રભા જિમ, [૩]તરણી તેજમાં જાય,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૩
જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષ જી,
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્‌ગલ સંકલેશ,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૪
ચાલીશ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધાર જી,
સહસ પંચાવન સાહુણી જાણો, ગુણમણિ રયણ ભંડાર,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૫
શત સમ[૪]ન્યૂન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતા જી,
વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપગારને કરતા જિનજી,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૬

૧) પ્રકાશ ૨) નક્ષત્ર ૩) સૂર્ય ૪) વર્ષ

કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિયણ નિત્ય ગાવે જી,
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે,
જિનજી ધ્યાવોજી. મલ્લિ જિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી. ૭

## તૃતીય ચૈત્યવંદન

જય નિર્જિત મદમલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી,
જય નિર્જિત કંદર્પદર્પ, નિજ આતમ રામી. ૧
દુર્જય ઘાતી-કર્મ મર્મ, ભંજન વડવીર,
નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર. ૨
અનંત જ્ઞાન દર્શન ધરુ એ, મલ્લિ જિણંદ મુણીંદ,
વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રૂપ અમંદ. ૩

## દેવવંદનનો પાંચમો જોડો

## પ્રથમ ચૈત્યવંદન

સકલ સુરાસુર ઈંદ વૃંદા, ભાવે કર જોડી,
સેવે પદ પંકજ સદા, જઘન્ય થકી એક કોડી. ૧
જાસ ધ્યાન એક તાન, કરે જે સુરનર ભાવે,
સંકટ કષ્ટ દૂરે તલે, શુચિ સંપદ પાવે. ૨
સર્વ સમીહિત[૧] પૂરવા એ, સુરતરુ સમ સોહાય,
તસ પદપદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવસુખ થાય. ૩

## દ્વિતીય ચૈત્યવંદન

નમો નમો શ્રી નમિજિનવરુ, જગનાથ નગીનો,
પદ યુગ પ્રેમે જેહના, પૂજે પતિ શચીનો[૨] ૧
સિંહાસન આસન કરી, જગ ભાસન જિનરાજ,
મધુર ધ્વનિ દીયે દેશના, ભવિ જનને હિત કાજ. ૨
ગુણ પાંત્રીશ અલંકરી એ, પ્રભુ મુખ પદ્મની વાણી,
તે નમિ જિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી. ૩



૧) મનોવાંછિત

૨) ઇન્દ્રાણી

## પ્રથમ સ્તુતિ

શ્રી નમિજિન નમિયે, પાપસંતાપ ગમીએ,
નિજતત્ત્વમાં રમીએ, સર્વ અજ્ઞાન વમીએ,
સવિ વિઘ્નને દમીયે, વર્તીએ પંચ સમીએ,
નવિ ભવ વન ભમીયે, નાથ આણા ન ક્રમીયે. ૧
દશે ખેત્રના ઈશ, તીર્થપતિ જેહ ત્રીશ,
ત્રિહું કાલ ગણીશ, નેવું જિનવર નમીશ,
અર્હતે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ,
કેવલી જગદીશ, સાઠ સંખ્યા ગણીશ. ૨
સગ નય યુત વાણી, દ્રવ્ય છક્કે ગવાણી,
સગ ભંગી ઠરાણી, નવ તત્ત્વે વખાણી,
જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધાન આણી,
તે વરે શિવરાણી, શાશ્વતાનંદ ખાણી. ૩
દેવી ગંધારી, શુદ્ધ સમ્યકત્વ ધારી,
પ્રભુ સેવા કારી, સંઘ ચઉવિહ સંભારી,
કરે સેવના સારી, વિઘ્ન દૂરે વિદારી,
રૂપવિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી. ૪

## દ્વિતીય સ્તુતિ

નમિજિન જયકારી, સેવિયે ભક્તિ ધારી,
મિથ્યાત્વ નિવારી, ધારીએ આણ સારી,
પરભાવ વિસારી, સેવિયે સુખકારી,
જિમ લહો શિવનારી, કર્મમલ દૂરે ડારી. ૧

વર કેવલનાણી, વિશ્વના ભાવ જાણી,
શુચિ ગુણગણ ખાણી, શુદ્ધ સત્તા પ્રમાણી,
ત્રિભુવનમાં ગવાણી, કીર્તિ કાન્તા વખાણી,
તે જિન ભવિ પ્રાણી, વંદીયે ભાવ આણી. ૨
આગમની વાણી, સાત નયથી વખાણી,
નવતત્ત્વ ઠરાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી,
સગ ભંગ ભરાણી, ચાર અનુયોગે જાણી,
ધન્ય તાસ કમાણી, જે ભણે ભાવ આણી. ૩
એકાદશી સારી, મૃગશીર્ષે વિચારી,
કરે જે નર નારી, શુદ્ધ સમ્યક્ત્વ ધારી,
તસ વિઘ્ન વિદારી, દેવી ગંધારી સારી ,
રૂપવિજયને ભારી, આપજો લચ્છી પ્યારી. ૪

## શ્રી નમિનાથજિન સ્તવન

થારા મહેલા ઉપર મેહ ઝબૂકે વીજલી, મારા લાલ–એ દેશી

પરમ રૂપ નિરંજન, જન મન રંજણો લલના૦
ભક્તિવચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણો લલના૦
જગત જંતુ હિતકારક, તારક જગધણી, લલના૦
તુજ પદ પંકજ સેવ, હેવ[1] મુજને ઘણી લલના૦ ૧
આવ્યો રાજ હજૂર, પૂરવ ભગતિ ભરે, લલના૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે, લલના૦
તુમ સરિખા મહારાજ, મહેર જો નહિ કરે લલના૦
તો અમ સરિખા જીવનાં, કારજ કિમ સરે, લલના૦ ૨



૧) ટેવ

જગતારક જિનરાજ, બિરુદ છે તુમ તણો, લલના૦
આપો સમકિત દાન, પરાયા મત ગણો, લલના૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી, લલના૦
તુંહિ જ છે સમરથ, તારણ તરણ[2]તરી, લલના૦ ૩
મૃગશિર સિત[3]એકાદશી ધ્યાન શુક્લ ધરી, લલના૦
ઘાતિ કરમ કરી અંત કે, કેવલ શ્રી વરી, લલના૦
જગ નિસ્તારણ કારણ, તીરથ થાપિયો, લલના૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપિયો, લલના૦ ૪
અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા, લલના૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં, લલના૦
મન માન્યા વિના માહરું, નવિ છોડું કદા, લલના૦
સાચો સેવક તેહ, જે સેવ કરે સદા, લલના. ૫
વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું, લલના.
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું, લલના.
જિન ઉત્તમ પદ પદ્મ, વિજય પદ દીજીએ, લલના.
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ, લલના. ૬

## તૃતીય ચૈત્યવંદન

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણસુંદરં,
વર કનકવર્ણ સુપર્વપતિ જસ, ચરણ સેવે મનહરં,
અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્યભાર ધુરાધરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ૧

૨) વહાણ ૩) શુકલ

ગજ વાજિ સ્યંદન[1] દેશ પુર ધન ત્યાગ કરી ત્રિભુવન ધણી,
ત્રણશેં અઠ્યાશી કોડિ ઉપર, દીએ લખ એંશી ગણી,
દીનાર જનની જનક નામાંકિત, દીયે ઈચ્છિત જિનવરં.
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ૨
સહસ્ત્રામ્ર વનમાં સહસ નર યુત, સૌમ્ય[2] ભાવ સમાચરે,
નરક્ષેત્ર સંજ્ઞી ભાવ વેદી, જ્ઞાન મનઃપર્યવ વરે,
અપ્રમત્ત ભાવે ઘાતિ ચઉ ખય, લહે કેવલ [3]દિનકરં.
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ૩
તવ સકલ સુરપતિ ભક્તિ નતિ[4] કરી તીર્થપતિ ગુણ ઉચ્ચરે,
જય જગત જંતુ જાત કરુણાવંત તું ત્રિભુવન શિરે,
જય અકલ અચલ અનંત અનુપમ, ભવ્ય જન મન ભયહરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ૪
સપ્તદશ જસ ગણધરા મુનિ, સહસ વિંશતિ ગુણનીલા,
સહસ એકતાલીસ સાહુણી, સોલસેં કેવલી ભલા,
જિનરાજ ઉત્તમ પદ્મની પરે, રૂપવિજય સુહા(હં) કરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ૫

**પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી જયવીયરાય૦ સંપૂર્ણ કહેવું.**

**પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત**
**મૌન એકાદશીના દેવવંદન સંપૂર્ણ**

આ પુસ્તકને ખૂબ કાળજીથી શુદ્ધ કરવામાં આવેલ છે, છતાં અજાણપણાથી, દ્રષ્ટિદોષથી યા પ્રેસદોષથી જે કંઈ ભૂલ રહી જવા પામી હોય તે બદલ ક્ષમા કરશોજી.



૧) રથ ૨) ચારિત્ર ૩) સૂર્ય ૪) નમસ્કાર

ગિરનાર ભક્તિ યુવા સમિતિ
આયોજીત

# સૌ ચાલો વર્ધમાન તપ નો પાયો નાંખીએ

પાયો નાંખ્યા બાદ ભવિષ્યમાં ઇમારત ગમે ત્યારે ચણી શકાય...

## વર્ધમાન તપ નો પાયો કેવી રીતે નંખાય ?

**પહેલી પાંચ ઓળી એક સાથે કરવી**

**કુલ ૨૦ દિવસનું તપ**

**૧ આયંબિલ ... ૧ ઉપવાસ**
**૨ આયંબિલ ... ૧ ઉપવાસ**
**૩ આયંબિલ ... ૧ ઉપવાસ**
**૪ આયંબિલ ... ૧ ઉપવાસ**
**૫ આયંબિલ ... ૧ ઉપવાસ**

**વર્ધમાન તપનો પાયો નાંખનાર ભાગ્યશાળીને ₹ ૧૦૦૦ નું બહુમાન સ્વીકારવા વિનંતી.**

વર્ધમાન તપનો પાયો નાંખ્યા બાદ આપ ભવિષ્યમાં ગમે ત્યારે બાકીની ઓળી કરી શકશો તેમજ ૫૦૦ આયંબિલ તપમાં પણ જોડાઇ શકશો. આરાધનામાં જોડાવા માટે આપેલ ૪ સેન્ટરો ઉપરથી ફોર્મ મેળવી - ભરીને પરત કરવા વિનંતી.

---

# ગિરનાર

મહાતીર્થ નો ઉત્કર્ષ, વિશ્વ કલ્યાણ તથા આત્મોત્થાન હેતુ

# મહામંગલકારી 500

આયંબિલ તપ ની વિશિષ્ટ આરાધના

## મહામંગલકારી ૫૦૦ આયંબિલ તપ ની વિશિષ્ટ આરાધના ...

૧. અખંડ ૫૦૦ આયંબિલ
૨. એકાંતરે ૫૦૦ આયંબિલ
૩. ૫ વર્ષમાં ૫૦૦ આયંબિલ [એક મહિનામાં ૧ પાંચમ + ૨ આઠમ + ૨ ચૌદશ + શાશ્વતી ઓળી + પર્યુષણ પર્વ માં આયંબિલ કરીને સવા પાંચ વર્ષમાં ૫૦૦ આયંબિલ કરી શકાય]
૪. ૮ વર્ષ માં ૫૦૦ આયંબિલ [મહિનામાં ૫ આયંબિલ કરીને ૧ વર્ષ માં ૬૦ આયંબિલ કરીને પણ ૮ વર્ષમાં ૫૦૦ આયંબિલ કરી શકાય]
છૂટક ૫૦૦ આયંબિલ

આરાધકોએ રોજ ૧૨ ખમાસમણા, ૧૨ સાથિયા, ૧૨ લોગ્ગસ્સ નો કાઉસગ્ગ અને નમો અરિહંતાણં પદ ની ૨૦ માળા યથાશક્તિ ગણવી.

# અષાડી શ્રાવક દ્વારા ભરાવેલ વાલમ તીર્થમંડણ
# શ્રી નેમિનાથ ભગવાન



ઉત્તર ગુજરાતમાં મહેસાણા જીલ્લાના વિસનગર તાલુકા ના વાલમ ગામે સંપ્રતિ રાજાએ બંધાવેલ ૨૨ માં તિર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું ભવ્ય જિનાલય આવેલ છે. સૌરાષ્ટ્રમાં જેમ ગિરનાર તીર્થ છે તેમ ઉત્તર ગુજરાતમાં શ્રી વાલમ તીર્થ છે. આનંદની અસીમ ધારાઓ જીવનમાં રેલાવવા વાલમ તીર્થની સ્પર્શના કરવા જરૂરથી પધારશો. વૈશાખ સુદ-૬ ના દિવસે દર વર્ષે તીર્થની સાલગીરીની ઉજવણી થાય છે.

શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ અતિ પ્રાચીન છે. ભારતના જૈન તીર્થોના ઈતિહાસમાં શ્રી વાલમ તીર્થ માટે એવું લખાણ છે, કે જિનાલયના મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનના ભવ્ય દર્શનીય શ્યામ પાષાણના પ્રભાવક પ્રતિમાજી પ્રાચીનતાનો ઈતિહાસ છે. અવસર્પિણી કાળમાં ૨૦ મા તિર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ના શાસનમાં તેઓના નિર્વાણબાદ ૨૨૨ વર્ષે અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવેલા, તેમાંના આ એક પ્રતિમાજી છે. આ વાતને લાખો વર્ષ વહી ગયાં છે. પ્રતિમાજીનાં દર્શન કરતાં હૈયું નાચી ઉઠે છે.

વાલમ તીર્થ અતિ પ્રાચીન છે. તીર્થની કાર્યકરી કમિટિ તેના જીર્ણોદ્ધાર માટે તેમજ તીર્થ વિકાસ માટે તન-મન-ધન થી કાર્યકરી રહ્યું છે. હમણાં થોડા સમય પહેલાંજ ભમતીમાં તીર્થની ભવ્યતા માટે સુંદર પટો બનાવેલ છે.

આ તીર્થમાં યાત્રાળુઓને રહેવા તથા જમવા માટે ઉત્તમ સગવડ છે. કાયમી ભાતી પણ અપાય છે. શેષ કાળમાં પૂજ્ય મુનિ ભગવંતો, સાધ્વીજી મ.સા. સારી સંખ્યામાં પધારે છે. તેમજ છ'રી પાળતાં સંઘો તેમજ યાત્રા પ્રવાસમાં યાત્રાળુઓની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહેલ છે. યાત્રાળુઓ માટે અદ્યતન ગિરનાર ભવન નામની નવીન ધર્મશાળા તેમજ આરાધના ભવન તૈયાર થઈ રહેલ છે.

વાલમ તીર્થ વિસનગર-ઉંઝા રોડ ઉપર ગામમાં આવેલું છે. વિસનગરથી ૮ કિ.મી. અને ઉંઝા થી ૧૪ કિ.મી. થાય છે. તેમજ અમદાવાદ ભાન્ડુ રોડની વચ્ચે મહેસાણાથી ઉંઝા જતાં વચ્ચે ભાન્ડુ ગામથી ૧૦ કિ.મી. થાય છે.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી વાલમ તીર્થ પેઢી**

**અરૂણભાઈ** - મો. ૮૫૧૧૬ ૮૧૭૨૯ / ૯૯૭૮૪ ૭૫૨૦૩
ફોન નં. ૦૨૭૬૫ - ૨૮૫૦૪૩



# રાંતેજ તીર્થમંડણ બાલબ્રહ્મચારી
# શ્રી નેમિનાથ ભગવાન

રાંતેજ તીર્થ નો ઈતિહાસ આજે પણ ગરવી ગુજરાતને ગૌરવ બક્ષી રહ્યો છે. ઈતિહાસ કહે છે કે વર્ષો પહેલાં રાંતેજ ગામનું નામ રત્નાવતીનગરી નામે પ્રચલિત હતું. બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનું ભવ્ય બાવન જિનાલય આશરે ૫૦૦ વર્ષ પૂર્વે ધરતીમાં ઢંકાયેલું હતુ. જેના પ્રાગટય વિશે કહેવાય છે કે, રાંતેજ પાસે ધનપુરા (કટોસણ) ગામનો શ્રાવક વેપાર–ધંધાર્થે દરરોજ ગામમાં જ રાતવાસો કરતો. એક દિવસ ભરનિંદ્રામાં સૂતેલા આ શ્રાવકને એક સ્વપ્ન આવ્યું કે આમ ગામના ટેકરા ઉપર બાવાજીના મઠની નીચે ભવ્ય દેરાસર છે તેને તું બહાર કઢાવ. આવું સ્વપ્ન વારંવાર આવવા છતાંય શ્રાવકે આ સ્વપ્ન ઉપર ધ્યાન આપ્યું નહી.

એક દિવસ ફરીવાર અધિષ્ઠાયક દેવે પ્રગટ થઇ નિંદ્રાધીન શ્રાવકને કહ્યું કે, હે શ્રાવક ! તું જિનમંદિરને કેમ બહાર કઢાવતો નથી ? ત્યારબાદ શ્રાવકે સ્વપ્નમાં આવેલી હકીકતને ત્યાંના શ્રી સંઘને તથા કટોસણ દરબારને જણાવી. શ્રી સંઘ તથા દરબાર રૂબરૂ રાંતેજ આવી બાવાજીને સમજાવી ને ટેકરાનું ઉત્ખનન કરાવ્યું. ખોદકામ કરાવતા જમીનમાંથી ગરીમામય કલાત્મક બાંધણીવાળું બાવન જિનાલય અખંડ સ્વરૂપે બહાર નિકળ્યું, પરંતુ તેમાં એક પણ પ્રતિમાજી ન જોતા બધા નિરાશ થયા. તેથી કહેવાય છે કે આ શ્રાવકે દેરાસરમાં પ્રતિમાજી પ્રસ્થાપિત કરવા અટ્ઠમતપ ની આરાધના કરી. જે છેવટે ફળી. દેવ પ્રગટ થયા અને શ્રાવકને કહ્યું કે પૂર્વ દિશામાં રબારીઓનાં ઘર છે તે જગ્યાએ ખોદકામ કરાવ. ખોદકામ કરાવવાથી પ્રતિમાજીઓ મળશે. અધિષ્ઠાયિક દેવની સૂચના પ્રમાણે ખોદકામ કરાવતાં સંપ્રતિકાલીન ૨૨૦૦ વર્ષ પ્રાચીન આબેહુબ મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન સહિત અઢાર પ્રતિમાજીઓ પ્રગટ થઈ. જે આજે પણ આ જિનાલયમાં શોભે છે.

જ્ઞાન દેનારી મા શ્રી સરસ્વતી દેવી ૭૫૦ વર્ષથી પણ વધુ પ્રાચીન છે જયારે શ્રી મહાલક્ષ્મીજી, શ્રી ચક્રેશ્વરી દેવી અને શ્રી ક્ષેત્રપાલ દાદા પણ ઘણાં પ્રાચીન છે.

પ્રતિમાજીઓ ઉપર તથા ભમતીમાં તથા અન્ય ભાગોમાં લખેલા પ્રાચીન લેખો આજે પણ વાંચી શકાય છે. જિનાલયને જીર્ણોદ્ધાર વિ.સં. ૧૧૦૦, ૧૩૦૦, ૧૬૦૦ તેમજ ૧૮૭૪ માં થયાનું અનુમાન કરી શકાય છે.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી રાંતેજ તીર્થ પેઢી**

**મુકેશભાઇ – મો. ૯૮૨૪૦ ૪૪૫૭૬ / ૮૨૦૦૫ ૮૫૬૭૦**
**મો. ૭૦૬૯૨ ૩૨૦૫૨ (પેઢી)**

# ગિરનાર ભક્તિ યુવા સમિતિ

## નિઝામપુરા, વડોદરા

**પરાગ દોશી (અફેકશન ધ ગીફટ શોપ)**
જીએફ-૩૪, અર્પણ કોમ્પલેક્ષ,
ડીલક્ષ ચાર રસ્તા પાસે, નિઝામપુરા, વડોદરા.
મો. ૯૯૨૫૩ ૩૧૭૯૮

---

**નિમેષ શાહ (પારસ ફાર્મા)**
વડીવાડી, પટણી મહોલ્લો,
શીયાપુરા પોલીસ ચોકીની ગલીમાં, રાવપુરા, વડોદરા.
મો. ૯૪૦૮૮ ૯૭૮૯૯

---

**અંકિત શાહ (ગિરનાર ઉપકરણ ભંડાર)**
શોપ નં. ૯, પામ એકઝોટીકા, શ્રાવક બંગલાની સામે,
જૈન દેરાસર પાસે, સુભાનપુરા, વડોદરા.
મો. ૯૦૮૧૩ ૭૪૦૧૧

---

**કેયુર શાહ (કે. એસ. મોબાઈલ)**
જીએફ-૩૫, અર્પણ કોમ્પલેક્ષ,
ડીલક્ષ ચાર રસ્તા પાસે, નિઝામપુરા, વડોદરા.
મો. ૭૨૮૫૦ ૦૫૧૫૨

Jinendra Cards I 98980 41670